વિકલાંગોના કલ્યાણક્ષેત્રની સ્વૈચ્છિક સંસ્થાઓમાં ધોરણ-૮ માટે ૧૮ શિક્ષકોની ભરતી કરવાની મંજુરી બાબત.

ગુજરાત સરકાર

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

ઠરાવ ક્રમાંકઃ- અપગ/૧૦૨૦૧૪/૮૩૫૨૦૬/ન.બા.-3/છ-૧

સચિવાલય, ગાંધીનગર

તારીખ :- ૧૯/૫/૨૦૧૫.

**વંચાણે લીધાઃ-**

(૧) **આ વિભાગનો ઠરાવ** ક્રમાંકઃઅપગ/૧૦૨૦૧૧/ન.બા.-૧૧/છ-૧, તા.૮/૧૦/૨૦૧૨

(૨) નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતાની કચેરીનો તા.૨૪/૧૧/૨૦૧૪નો પત્ર ક્ર-સસુખા/યજન/ન.બા./૨૦૧૪-૧૫/૧૫૧.

**ઠરાવ :-**

ભારત સરકારના મફત અને ફરજિયાત શિક્ષણ અધિકાર અધિનિયમ -૨૦૦૯ મુજબ રાજ્ય સરકારના શિક્ષણ વિભાગ દ્વારા ધોરણ-૮નો પ્રાથમિક શિક્ષણમાં સમાવેશ કરવામાં આવેલ છે અને રાજ્યની તમામ માધ્યમિક શાળાઓમાંથી ધોરણ -૮ ના વર્ગો રદ કરીને પ્રાથમિક શાળાઓમાં ધોરણ-૮ ના વર્ગો શરૂ કરવાની મંજુરી આપવામાં આવેલ છે. જે અન્વયે સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના નિયંત્રણ હેઠળના નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતા હસ્તકની વિકલાંગોના કલ્યાણ ક્ષેત્રે કામ કરતી સ્વૈચ્છિક સંસ્થાઓમાં જ્યાં ધોરણ-૭ સુધીની વ્યવસ્થા છે, ત્યાં ધોરણ-૮ ના વર્ગોના અભ્યાસક્રમ શરૂ કરવા માટે ઉપર ક્રમ-(૧) સામે વંચાણે લીધેલ આ વિભાગના ઠરાવ ક્રમાંકઃઅપગ/૧૦૨૦૧૧/ન.બા.-૧૧/છ-૧, તા.૮.૧૦.૨૦૧૨ થી સૈધ્ધાંતિક મંજુરી આપવામાં આવેલ છે.

૨/- સમાજ સુરક્ષા ખાતા હસ્તકની વિકલાંગોની સ્વૈચ્છિક સંસ્થાઓમાં ગ્રાન્ટ-ઈન-એઈડ કોડ-૧૯૯૨ની જોગવાઈઓ મુજબ સ્ટાફ પેટર્ન મંજુર કરવામાં આવે છે. જેમાં મૂકબધિર અને દ્રષ્ટિહીન બાળકોની સંસ્થાઓમાં ૧૦ બાળકો દીઠ-૧ મદદનીશ શિક્ષક આપવાની જોગવાઈ છે અને વિકલાંગોની સંસ્થાઓમાં 30 બાળકો દીઠ-૧ મદદનીશ શિક્ષક આપવાની જોગવાઈ છે, પરંતુ સંદર્ભ-(૧) માના ઠરાવથી શાળા માટે વર્ગ દીઠ એક(01) શિક્ષકની જગ્યા શરતોને આધિન મંજુર કરેલ છે.

3/- હાલ મૂકબધિરની ૨૪ સંસ્થાઓમાં અને દ્રષ્ટિહીન બાળકોની ૧૭ સંસ્થાઓમાં તેમજ વિકલાંગોની ૬ સંસ્થાઓમાં ધોરણ-૮ શરૂ કરેલ છે અને તેમાં બાળકો અભ્યાસ કરી રહેલ છે. હાલની જરૂરિયાત મુજબ કુલ-૧૮ મદદનીશ શિક્ષકો મંજુર કરવાના રહે છે. આ અંગે ઉપર ક્રમ-(૨) સામે વંચાણે લીધેલ નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતાની કચેરીના તા.૨૪/૧૧/૨૦૧૪નો પત્ર ક્ર-સસુખા/યજન/ન.બા./૨૦૧૪-૧૫/૧૫૧ થી સરકારશ્રીના પ્રવર્તમાન નિયમોનુસાર નાણા વિભાગના તા.૧૬/૨/૨૦૦૬ના ઠરાવની જોગવાઈની શરતો અને વખતોવખત લાગુ પડતાં ફિક્સ પગારની

પેટર્ન મુજબ પાંચ વર્ષના ફિક્સ પગારથી તેમજ ત્યારબાદ પુરા પગાર ધોરણમાં સદર શિક્ષકોને સમાવવાની મંજુરી આપવા બાબતે નીચે કોષ્ટકમાં દર્શાવ્યા મુજબની નવી બાબત રજૂ કરેલ જે સરકારશ્રીની વિચારણા હેઠળ હતી :-

| અ.નં. | સંવર્ગ | જગ્યાની સખ્યા | પાંચ વર્ષ પૂર્ણ થયે મળવાપાત્ર પગાર ધોરણ |
|---|---|---|---|
| ૧ | મદદનીશ શિક્ષક | ૧૮ | ૫૨૦૦-૨૦૨૦૦, ગ્રેડ પે રૂ.૨૮૦૦ |

૪/- જે અન્વયે પુખ્ત વિચારણાને અંતે ઉપર દર્શાવ્યા મુજબ આ નવી બાબતને આથી નીચેની શરતોએ સરકારશ્રીની વહીવટી મંજૂરી આપવામાં આવે છે :-

**શરતો :-**

(૧) આ દરખાસ્તનો પ્લાન સીલીંગની મર્યાદામાં સમાવેશ કરવાનો રહેશે.દરખાસ્તની રકમમાં ફેરફાર થાય તો તે અંગે નાણા વિભાગની મંજૂરી મેળવી લેવાની રહેશે.

(૨) આ અંગેનો ખર્ચ જે તે વર્ષની બજેટ જોગવાઈ અને નાણા વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૩) આ દરખાસ્ત સંદર્ભે પ્રવર્તમાન નિયમોને આધિન ચાલુ તથા જરૂરીયાત પ્રમાણે આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત બજેટ જોગવાઈ કરાવી લેવાની રહેશે.

(૪) આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતોવખતના લાગુ પડતા ઠરાવો / પરિપત્રો અને જોગવાઈઓ મુજબ નિયત પદ્ધતિથી કરવાનો રહેશે.

(૫) આ મંજૂરી અન્વયે કરવાના ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનું પાલન કરવાનું રહેશે.

(૬) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહી. બચત રહેતી રકમ વર્ષ આખરે સરેન્ડર કરવાની રહેશે.

(૭) જે તે જગ્યાઓના પગાર ધોરણો આર.ઓ.પી.-૨૦૦૯ પ્રમાણે છે કે કેમ તે અંગેની ખાતરી કરી લેવાની જવાબદારી નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતાની રહેશે.

(૮) સીધી ભરતીથી નિમણૂંક પામનાર ઉમેદવારને નિયમિત નિમણૂંક મળ્યા બાદ નાણા વિભાગના તા.૧૮/૩/૨૦૦૫ના ઠરાવ ક્ર- નપન/૨૦૦૩/જીઓઆઈ-૧૦/પા.ફા.ની જોગવાઈ પ્રમાણે રાજ્ય સરકાર ધ્વારા તા.૧/૪/૨૦૦૫ થી દાખલ કરવામાં આવેલ નવી વર્ધિત પેંશન યોજના તેમજ તે અંગેના વખતોવખત થયેલ સુધારા લાગુ પાડવાના રહેશે.

(૯) આ જગ્યાઓ ભરતી વખતે અનામતનું ધોરણ નિયમાનુસાર જળવાય તે નિયામકશ્રી, સમાજ સુરક્ષાએ જાતે જોવાનું રહેશે. આ જગ્યાઓ ભરતી વખતે બેકલોગની જગ્યા હોય તો તેને અગ્રિમતા આપવાની રહેશે.

(૧૦) આ જગ્યાઓ ઉપરની ભરતી સરકારશ્રીએ જે તે જગ્યાના પ્રવર્તમાન ભરતી નિયમો અને નિયત ભરતી પધ્ધતિને અનુસરીને કરવાની રહેશે.

(૧૧) કોમ્પ્યુટરની જાણકારી માટે પ્રવર્તમાન ભરતી નિયમાનુસાર ઉમેદવાર નિયત થયેલ કોમ્પ્યુટર કૌશલ્યની પરીક્ષા પાસ કરેલ / લાયકાત ધરાવતા હોવા જોઈએ.

(૧૨) રાજ્ય સરકાર ધ્વારા વખતોવખત નિયત થયેલ કાર્યભારણનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

(૧૩) નવી મંજૂર કરેલ જગ્યાઓ જે તે નાણાકીય વર્ષના અંત સુધી ચાલુ રાખવાની મંજૂરી આપવામાં આવે છે. ત્યાર બાદ જગ્યાઓ વખતોવખત ચાલુ રાખવાની થાય તો જગ્યાઓ લંબાવવાની દરખાસ્તની મુદત પૂરી થતાં પહેલાના એક માસ અગાઉ નાણાકીય સલાહકારશ્રીને રજુ કરી જગ્યા વધુ સમય ચાલુ રાખવાની મંજુરી મેળવી લેવાની રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણા વિભાગની તા.૧૨/૫/૨૦૧૫ અંતિત નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(એમ.એલ.ભગોરા )
ઉપ સચિવ,
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ

પ્રતિ,

(૧) માન. મંત્રીશ્રી (સા.ન્યા.) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

(૨) અ.મુ. સચિવશ્રી (ખર્ચ) નાણા વિભાગ ના અંગત સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર.

(૩) અ.મુ. સચિવશ્રી, સામાજીક ન્યાય અને અધિ.વિ.ના અંગત સચિવશ્રી, સચિવાલય.

(૪) નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, બ્લોક નં.-૧૬, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

(૫) વિકલાંગ વ્યક્તિઓ માટેના કમિશ્નરશ્રી, બ્લોક નં.-૧૬, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર

(૬) એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ / રાજકોટ.

(૭) નિવાસી ઓડીટ અધિકારીશ્રી, અમદાવાદ / ગાંધીનગર.

(૮) નાણા સલાહકારશ્રી, (સા.ન્યા. અને અ.વિભાગ,) બ્લોક નં.-૧૪, બીજો માળ,સચિ.,ગાંધીનગર.

(૯) સેકશન અધિકારીશ્રી, કોમ્પ્યુટરસેલ / શાખા, સા.ન્યા. અને અધિ.વિભાગ, સચિ., ગાંધીનગર. વિભાગની વેબ સાઈટમાં છ-૧/શાખાના હુકમોની યાદીમાં સમાવિષ્ટ કરવાની વિનંતી સાથે.

(૧૦) સીલેક્ટ ફાઈલ, છ-૧ / શાખા.

# # # # # # #